दाખલ તારીખ :- ૨૭-૧૧-૨૦૨૪
નોંધણી તારીખ :- ૨૭-૧૧-૨૦૨૪
ફેંસલ તારીખ :- ૨૩-૦૩-૨૦૨૬
સમયગાળો :- <u>**વર્ષ-માસ-દિવસ**</u>
**૦૧ - ૦૩ - ૨૬**

---

**પાટણ જીલ્લાના મહે.સ્પેશ્યલ જજ(પોકસો) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

---

**સ્પે.પોકસો કેસ નં.૬૮/૨૦૨૪**
**આંક :- ૪૧**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :-** **રામજીજી સુરેશજી ઉર્ફે સુરાજી હમીરજી ઠાકોર,**
ઉં.વ.આ.૨૧, ધંધો : મજુરી,
રહે.મુડાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ.

---

**આરોપ :-** ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨), ૭૮(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૧૨ મુજબ.

---

**એડવોકેટ :-** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.
આરોપી તરફે વિ.વકીલશ્રી આર.બી.જોષી.

---

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૫/૦૯/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૨૫/૦૯/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૨૭/૧૧/૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૨૭/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૦૯/૦૭/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | તા.૨૩/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | તા.૨૩/૦૩/૨૦૨૬ |

| અ.નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રામજીજી સુરેશજી ઉર્ફે સુરાજી હમીરજી ઠાકોર | ૧૧/૧૧/૨૪ | ૨૦/૧૧/૨૪ | બી.એન.એસ.એસ. કલમ-૧૩૭(૨), ૭૮(૨) તથા પોકસો એકટની કલમ-૧૨ | છુટી ગયો | -- | ૦૯ દિવસ |

## -:: ઠ રા વ ::-

**(૧)** આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨), ૭૮(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** નામદાર સુપ્રિમ કોર્ટે **નિપુન સકશેના વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯(૧) એસીઆર પેજ નં.૬૬૩** ના ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ તથા પોકસો એકટની કલમ-૩૩(૭) મુજબ ભોગ બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે આ જજમેન્ટમાં તેણીના નામનો કોઈ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

**(૩)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરીયાદ ભોગ બનનારના પિતાએ આપેલી છે. બનાવ વખતે તેમની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૫ વર્ષ અને ૧૦ માસની હતી અને તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તા.૦૯/૧૧/૨૦૦૮ ની છે. તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ ફરીયાદી તેમની રીક્ષા લઈ પેસેન્જર વર્ધીમાં ફરતા હતા ત્યારે તેમના ઉપર તેમની ભોગ બનનાર દિકરીની શાળાના શિક્ષકનો ફોન આવેલો અને જણાવેલ કે, તેમની ભોગ બનનાર દિકરી શાળામાં આવેલ નથી તેવી વાત કરતા ફરીયાદી સ્કુલમાં ગયેલા અને સાહેબને મળેલા તેમજ ભોગ બનનાર દિકરીની સાથે અભ્યાસ કરતી અન્ય દિકરીઓને ભોગ બનનાર બાબતે પુછતા તેઓએ જણાવેલ કે, ભોગ બનનાર સાડા અગિયારેક વાગ્યા સુધી સિધ્ધપુર આપણા ગામના વાહનો ભરાય છે ત્યાં આવેલ હતા અને સીવીલ

હોસ્પિટલ સુધી તેણી અમારી સાથે હતી અને તે પછી અમોએ જોયેલ નથી તેવી વાત કરતા ફરીયાદીએ તેમની પત્ની અને તેમના ભાઇને ભોગ બનનાર બાબતે પુછતા તેઓએ પણ જણાવેલ કે, ભોગ બનનાર ઘરે હાજર નથી. જેથી આ બાબતે તેમના પરિવારજનોને વાતચીત કરી સગા સબંધીઓમાં તપાસ કરતા તેણી મળી આવેલ નહીં અને સાંજે ફરીયાદી તેમના ઘરે ગયેલ તો ભોગ બનનાર આવેલ હોઇ, ફરીયાદીએ તથા તેમની પત્નીએ ભોગ બનનારને પુછતા તેણીએ જણાવેલ કે, તેણી સિધ્ધપુર સીવીલ હોસ્પિટલ પાસે પ્રજાપતિ ડોકટર સાહેબના દવાખાના નજીક ચાલતી જતી હતી ત્યારે રામજીજી સુરાજી મોટર સાયકલ લઇ તેણીની પાછળ પાછળ આવેલ અને કહેલ કે, શું રોજ ભણભણ કરે છે, ફરવા આવુ હોય તો ચાલ બેસી જા તેમ કહેતા તેણી તૈયાર થયેલી અને તેના મોટર સાયકલમાં બેસી ગયેલી અને તે પછી તે સેભર ગોગા મહરાજ મંદિર ખાતે ફરવા લઇ ગયેલ હતો અને તે વખતે તેણે મીઠી મીઠી વાતો કરેલ હતી અને તેણીને પ્રેમ સંબંધ બાંધવાનું કહેલ હતુ અને તે વખતે તેની ઉપર કોઇકનો ફોન આવેલો અને કહેલ કે, ભોગ બનનારને તેણીના માતા-પિતા ગામમાં શોધે છે તેવી માહિતી મળતા તેણીને લઇ ગામના બસ સ્ટેન્ડે સાંજના પાંચેક વાગે ઉતારતા તેણી ઘરે આવેલ છે તેવી વાત કરેલી. જેથી ફરીયાદીએ આ સબબની સિધ્ધપુર પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ નોંધાવેલી. સદર ફરીયાદ રજીસ્ટર થતા સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦૩૦૨૪૧૦૪૭/૨૦૨૪ થી નોંધી અને આ અંગેની તપાસ કરનાર અમલદારે તપાસ કરેલી. તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા અન્ય સાહેદોના નિવેદનો લઇ, જરૂરી પંચનામા કરીને પૂરાવા એકઠા કરેલા અને સંપૂર્ણ તપાસના અંતે ભોગ બનનાર દિકરી સગીર વયની જણાઇ આવતા તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા, આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૩૭(૨), ૭૮(૨) તથા પોકસો એકટની કલમ-૧૨ હેઠળનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ, પાટણમાં રજુ કરેલુ.

(૪) આરોપીને અદાલત સમક્ષ હાજર કરાવી તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી

કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૯ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૭૮(૨) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૧૦ થી આરોપીનું નિવેદન લેતા, આરોપીએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપી સામેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | સંજયકુમાર રંજનભાઇ ઠાકોર | જન્મ નોંધણી સબરજીસ્ટ્રાર | ૧૩ |
| ૨. | સરસ્વતીબેન બાબુભાઇ પ્રજાપતિ | ભોગ બનનારની શાળાના આચાર્ય | ૧૭ |
| ૩. | ભોગ બનનારના પિતા | ફરીયાદી | ૨૦ |
| ૪. | ભોગ બનનારના માતા | ભોગ બનનારના માતા | ૨૨ |
| ૫. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૨૩ |
| ૬. | સુરજ ચંદ્રકાન્તભાઇ માલાણી | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૭ |
| ૭. | વિશાલ કિરીટકુમાર વ્યાસ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૯ |
| ૮. | અશોકકુમાર ભીખાલાલ ડાભી | મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૧ |
| ૯. | જીગ્નેશકુમાર ભાનુપ્રસાદ આચાર્ય | તપાસ કરનાર અધિકારી | ૩૪ |

(૬) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સિધ્ધપુર નગરપાલિકાના સને–૨૦૦૮ ના જન્મ નોંધણી રજીસ્ટરના સંબંધિત પાનાની ખરી નકલ | ૧૪ |
| ૨. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર આપવા અંગેનો સિધ્ધપુર નગરપાલિકાનો ફોરવર્ડીંગ લેટર | ૧૫ |
| ૩. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૧૬ |

| | | |
|---|---|---|
| ૪. | ભોગ બનનારની હાજરીપત્રકનો ઉતારો આપવા અંગે શાળાના આચાર્યશ્રીને ત.ક.અમલદારે કરેલ યાદી | ૧૮ |
| ૫. | ભોગ બનનારની હાજરી પત્રકની માહિતી આપવા અંગે શાળાના આચાર્યશ્રીનો ફોરવર્ડીંગ પત્ર તથા હાજરી પત્રકના ઉતારાની નકલો | ૧૯ |
| ૬. | ફરીયાદ | ૨૧ |
| ૭. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન | ૨૪ |
| ૮. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૮ |
| ૯. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૦ |
| ૧૦. | મુદ્દામાલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું | ૩૨ |
| ૧૧. | ડેપ્યુટ હુકમ | ૩૫ |
| ૧૨. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન નોંધવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૬ |
| ૧૩. | સરકારી પંચો ફાળવવા અંગે સુપ્રિટેન્ડેન્ટશ્રી, સીટી સર્વે કચેરી, સિધ્ધપુરને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૭ |
| ૧૪. | સરકારી પંચો ફાળવવા અંગે પ્રિન્સીપાલશ્રી, નર્સીંગ કોલેજ, સિધ્ધપુરને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૮ |
| ૧૫. | ભોગ બનનારનો જન્મનો દાખલો આપવા અંગે સિધ્ધપુર નગરપાલિકાને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૯ |

(૭) ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક-૪૦ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની પુરસીસ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ આપેલ છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળ આરોપીનો વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો આરોપીએ ઇનકાર કરેલ. બચાવ પક્ષે આરોપીએ કોઇ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપીએ જણાવેલ કે, તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી અને તેઓ એક જ ગામના હોઇ ભોગ બનનારના પિતા તથા તેઓના પરિવાર વચ્ચે જુની અદાવત હોઇ, તેનું વેર રાખી તેઓને ફસાવવા સારૂ ખોટી ફરીયાદ આપેલ છે અને તેઓ તદ્દન નિર્દોષ છે.

(૯) ત્યારબાદ બન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની લંબાણ પૂર્વકની દલીલો સાંભળવામાં આવી. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટે દલીલ કરતા મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર બનાવના દિવસે સગીર વયના હોવાનું આરોપી જાણતા હોવા છતા જાતિય ઈરાદાથી ભોગ બનનારનો અવાર નવાર પીછો કરેલ તેમજ બનાવના દિવસે આરોપીએ ભોગ બનનારને ધમકી આપીને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ અને સેંભર ગોગા મહારાજના મંદિરે લઈ જઈ ભોગ બનનાર સાથે પ્રેમ સંબંધ બાંધવા વાતો કરી ગુનો કરેલ હોવાની ફરીયાદ આધારે પોલીસે તપાસ કર્યા બાદ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદોએ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું જણાવેલ છે તથા જન્મ–મરણ નોંધણી અધિકારીએ રજુ કરેલ પુરાવા આધારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર થાય છે તેમજ આ કામે તપાસેલ સાહેદોની જુબાની જોતા, ભોગ બનનારની શાળાના આચાર્યએ રજુ કરેલ પુરાવા મુજબ, બનાવના દિવસે ભોગ બનનાર સ્કુલમાં હાજર ન હતી તેવુ પુરવાર થાય છે તેમજ ભોગ બનનારના માતા–પિતાની જુબાની તથા ભોગ બનનારની જુબાની જોતા, આરોપીએ ભોગ બનનારને ધમકી આપીને અપહરણ કરીને લઈ ગયેલ હોય તેવુ પુરવાર થાય છે. ભોગ બનનારના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનથી પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે છે તેમજ આ કામે તપાસેલ પંચોએ પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે તેમજ પોલીસ સાહેદોની જુબાનીમાં પણ આ કામના આરોપીએ ગુનો આચરેલ હોવાનું જણાઈ આવતુ હોઈ, તે સંજોગોમાં ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં મુકરર કરેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦) બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલશ્રી આર.બી.જોષીની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આ કામે ભોગ બનનાર સગીર વયના હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી. ભોગ બનનારના માતા–પિતાએ બનાવ નજરે જોયેલ નથી. ભોગ બનનારની જુબાની જોતા, કહેવાતા બનાવ સમયે ભોગ

બનનાર તેણીની બહેનપણીની સાથે હતા. જેથી ધમકી આપીને આરોપી તેણીને લઇ ગયેલ હોવાનું માની શકાય નહીં. આરોપી અને ભોગ બનનાર સરખી ઉંમરના છે અને ગામમાં સાથે રહે છે એટલે અવાર નવાર વાતો કરતા. જેથી ભોગ બનનારના માતા–પિતાને ગમતુ ન હતુ અને તેથી ભોગ બનનારના માતા–પિતા ભોગ બનનાર સાથે ઝઘડો કરતા હતા તેવુ ભોગ બનનારની ઉલટતપાસમાંથી જણાઇ આવે છે તેમજ ભોગ બનનારે કલમ–૧૬૪ ના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તેવી હકીકત પોતાની જુબાનીમાં કે ફરીયાદમાં જણાવેલ નથી અને વિરોધાભાસી હકીકતો પોતાની જુબાનીમાં જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ આરોપી અને ભોગ બનનારને સાથે જોયેલ હોય તેવા કોઇપણ સાહેદના નિવેદન લીધેલ નથી કે ફરીયાદ પક્ષે તેવા કોઇ સાહેદને તપાસેલ નથી. ભોગ બનનાર અને આરોપી સાથે હોય તેવુ પુરવાર કરવા કોઇ કોલ ડીટેઇલ મેળવેલ નથી. ઉલટાનું ભોગ બનનારે જે જગ્યા જણાવેલ છે તે સેંભર ગોગા મહારાજના મંદિરનો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને લોકોની સતત અવર જવરવાળો વિસ્તાર છે તેમજ ભોગ બનનારે પોતાના નિવેદનમાં આરોપીએ તેણીની સાથે કોઇ શરીર સંબંધ બાંધેલ નથી કે તેણીની મરજી વિરૂધ્ધ કોઇ ખરાબ કામ કરેલ નથી તેવુ જણાવેલ છે તેમજ ભોગ બનનારે મેડીકલ કરાવવા માટે પણ કોઇ સંમતિ આપેલ ન હતી. આ સંજોગોમાં આરોપી વિરૂધ્ધના તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુનો ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોઇ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૧૧)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી આયુની એટલે કે, સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ જાતિય ઈરાદાથી અવાર નવાર

ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરીનો પીછો કરી તેમજ ભોગ બનનારને ધમકી આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ તેણીને પોતાની સાથે પ્રેમ સંબંધ બાંધવા જણાવી,આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૭૮(૨) તથા પોક્સો એક્ટની કલમ–૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

**(૧૨)** આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા, ઉપરોક્ત મુદ્દાઓના **નિર્ણય** નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૧) હકારમાં.**
**(૨) નકારમાં.**
**(૩) અંતિમ હુકમ મુજબ.**

**–::: કા ર ણો :::–**

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૧૩)** આ કામે પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૧ સિધ્ધપુર નગરપાલિકાના સબ રજીસ્ટ્રાર સંજયકુમાર રંજનભાઈ ઠાકરની આંક–૧૩ ની જુબાની ધ્યાને લેતા, સિધ્ધપુર નગરપાલિકાના સને–૨૦૦૮ ના અસલ રજીસ્ટરના પાના નંબર–૨૫૨ ઉપર અનુક્રમ નંબર–૪૪૮૪ થી ભોગ બનનારની જન્મની નોંધણી હોવાનું જણાવેલ છે. ભોગ બનનારની જન્મની નોંધણી તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે અને ભોગ બનનારની જન્મ તા.૦૯/૧૧/૨૦૦૮ ની અને જન્મ સ્થળ અવતાર હોસ્પિટલ અને માહિતી આપનાર તરીકે ડો.દિનેશભાઈ લખેલ હોવાનું

જણાવેલ છે અને આંક–૧૪ થી આંક–૧૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવ પક્ષ તરફે થયેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, રજીસ્ટરના ઉતારાની કોલમ નંબર–૮ માં સરનામામાં તાલુક કે જીલ્લો લખેલ નથી તેમજ એવુ પણ સ્વીકારેલ છે કે, કોલમ નંબર–૯ માં જન્મ સ્થળમાં કોઇ વિગત ભરેલ નથી. જો કે, સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, અવતાર હોસ્પિટલ લખેલ છે. રજીસ્ટરના કોલમ નંબર–૧૧ માં માહિતી આપનારના નામ સરનામામાં ડેશ કરેલ હોવાનું પુછતા જણાવેલ છે કે, કોલમ નંબર–૧૧ માં અનુક્રમ નંબર–૪૪૭૭ માં ડો.દિનેશભાઇ લખેલ છે. કોલમ નંબર–૧૨ માં માહિતી આપનાર ડોકટરની સહી કરેલ નથી તેવુ પુછતા સાહેદે જણાવેલ છે કે, અરજદારનો અંગુઠો કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, સદરહુ નોંધ જે તે સમયના સબ રજીસ્ટ્રાર દ્વારા કરવામાં આવેલ છે. વધુમાં, તેઓએ સ્વીકારેલ છે કે, ઘણા લોકો નામદાર કોર્ટમાં જન્મ પ્રમાણપત્રમાં જન્મ તારીખ તથા નામ વિગેરેમાં સુધારો કરવા અરજ ગુજારતા હોય છે અને નામદાર કોર્ટના હુકમ આધારે જન્મના પ્રમાણપત્રમાં સુધારો વધારો થઇ શકે. આમ, ઉપરોકત જુબાની તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, ભોગ બનનારની જન્મ તા.૦૯/૧૧/૨૦૦૮ ની હોવાનું તથા તેણીનો જન્મ અવતાર હોસ્પિટલ ખાતે થયેલ અને તેની માહિતી ડો.દિનેશભાઇએ આપેલી તેવુ પુરાવામાં જણાઇ આવે છે. બચાવપક્ષ તરફે ઉલટતપાસમાં કોલમ નંબર–૯ માં જન્મ સ્થળની કોઇ વિગત ભરેલ ન હોવાની તકરાર લીધેલ છે. જો કે, કોલમ નંબર–૯ જન્મ સ્થળ અને કલમ નંબર–૧૧ માહિતી આપનારનું નામની વિગતો સાથે ધ્યાને લેતા, તેમાં અનુક્રમ નંબર–૪૪૮૪ ની સામે હોસ્પિટલનું નામ લખવામાં આવેલ નથી. જો કે, માહિતી આપનારના નામમાં પણ માત્ર ડેશ કરેલ છે. જો કે, અનુક્રમ નંબર–૪૪૭૭ ઉપર અવતાર હોસ્પિટલ અને ડો.દિનેશભાઇ લખેલ છે. પરંતુ, ભોગ બનનારની નોંધના અનુક્રમ નંબર–૪૪૮૪ માં જન્મ સ્થળની કોલમ ખાલી રાખવામાં આવેલ છે. પરંતુ, માહિતી આપનારની કોલમમાં ડો.દિનેશભાઇ અનુક્રમ નંબર–૪૪૭૭ માં લખ્યા બાદ ત્યારપછીના તમામ અનુક્રમમાં ('') કરવામાં આવેલ છે. જેથી ભોગ બનનારના જન્મની નોંધ શંકાસ્પદ હોવાનું જણાઇ આવતુ નથી. વધુમાં, ભોગ બનનારના માતા–પિતાની અનુક્રમે આંક–૨૦ અને આંક–૨૨

ની જુબાનીઓ ધ્યાને લેતા, ભોગ બનનાર દિકરી સૌથી મોટી હોવાનું અને તેણીની ઉંમર બના સમયે ૧૭ વર્ષની હોવાનું જણાવેલ છે. વધુમાં, ભોગ બનનારની આંક–૨૩ ની જુબાની જોતા, તેણીએ પોતાની જન્મ તા.૦૯/૧૧/૨૦૦૮ ની હોવાનું જણાવેલ છે. આ તમામ હકીકતો જોતા, ભોગ બનનારની જન્મ તા.૦૯/૧૧/૨૦૦૮ ની હોવાનું ન માનવાને કોઇ કારણ જણાતુ નથી અને હાલનો બનાવ તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ બનેલ હોઇ, તે સંજોગોમાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ હોઇ, **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **હકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ :–**

**(૧૪)** ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નંબર–૫ ભોગ બનનારની આંક–૨૩ ની જુબાની ધ્યાને લેતા, બનાવ સમયે તેણી ધો.૧૧ માં સિધ્ધપુરમાં ભણતી હતી અને રીક્ષામાં તથા બસમાં અપડાઉન કરતી હતી. બનાવ આજથી એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે સવારે તેણી ૧૦.૩૦ વાગે તેણીના ઘરેથી શાળાએ જવા માટે નીકળેલી. તેણી રીક્ષામાં બેસી સિધ્ધપુર ગયેલી. સિધ્ધપુર રોયલ હોટલ આગળ રીક્ષામાંથી ઉતરેલી અને ત્યાંથી સીધા રસ્તે શાળાએ ચાલતી જતી હતી. તે વખતે એક છોકરો બાઇક લઇને આવેલો. જે છોકરો તેણીના ગામનો હતો અને તેનુ નામ રામજીજી હતુ. રામજીજીએ તેણીને કહેલ કે, ચાલ મારી સાથે ફરવા. જેથી તેણીએ ના પાડેલી. ત્યારે રામજીજી તેણીને ધમકી આપવા લાગેલો. જેથી તેણી ડરી ગયેલી અને મો.સા. પર બેસી ગયેલી. રામજીજી તેણીને સેભર ગોગા મહારાજના મંદિરે લઇ ગયેલો. મંદિરે દર્શન કર્યા અને બેસીને વાતો કરેલી. આરોપીએ વાતોમાં મારે તેની સાથે પ્રેમ કરવો છે, તેવી વાતો કરેલી. તે વખતે તેણીના ઘરેથી રામજીજીના ફોન પર ફોન આવેલો અને તેણીના માતા પિતા તેણીને શોધે છે, તેવુ રામજીજીએ તેણીને જણાવેલ. જેથી રામજીજી તેણીને મો.સા. પર બેસાડી ગામના બસ સ્ટેન્ડે ઉતારી ગયેલ. પછી તેણી ઘરે ગયેલી. ત્યારે તેણીના માતા–પિતાને મળેલી અને બનાવની વાત કરેલી. જેથી તેણીના પિતા તેણીને પો.સ્ટે.લઇ ગયેલા અને ત્યાં તેણીના

પિતાએ ફરિયાદ આપેલી અને પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ હોવાનું જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે. વધુમાં, પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઈ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને તેણીનું નિવેદન લખાવેલુ હોવાનું જણાવી આંક-૨૪ થી ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનુ નિવેદન રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણી તથા તેણીની બહેનપણીઓ તેણીના ગામથી સિધ્ધપુર બસમાં તથા પ્રાઈવેટ વાહનમાં અપડાઉન કરતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી તેણીના ગામથી તેણીની શાળાએ રોજ એક જ રસ્તે જાય છે. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવના દિવસે તેણી શાળાએ જવા નીકળેલી ત્યારે તેણીની બહેનપણીઓ મારી સાથે હતી. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવના દિવસે પાંચમ હતી. તેણીએ સ્વીકારેલ છે કે, આરોપી તેણીના ગામનો હોઈ તેણી તેને બનાવ પહેલાથી ઓળખે છે. તેણીએ સ્વીકારેલ છે કે, આરોપી તથા તેણી એકંદરે સરખી ઉંમરના છે અને આરોપી તથા તેણી ગામમાં ક્યારેક વાતો કરતા હોય છે અને આરોપી તેણીની સાથે વાતો કરતો તે વાત તેણીના માતા-પિતાને ગમતી ન હતી અને તેથી તેણીના માતા-પિતા તેણીની સાથે ઝઘડો કરતા હતા તેવુ સ્વીકારેલ છે.

(૧૫) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૩ ભોગ બનનારના પિતાની આંક-૨૦ ની જુબાની ધ્યાને લેતા, તેમની ભોગ બનનાર દિકરી ધો.૧૧ માં સિધ્ધપુરમાં ભણતી હતી અને સવારે ૧૧.૦૦ વાગે ઘરેથી જતી અને સાંજે ૦૬.૦૦ વાગે પરત આવતી હતી અને બસમાં તથા પ્રાઈવેટ વાહનમાં અપડાઉન કરતી હતી. તેઓ રીક્ષા ચલાવે છે. બનાવ આજથી બારેક મહિના અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ તેમની રીક્ષા લઈને તેમના ગામથી સિધ્ધપુર ધંધો કરવા ગયેલ હતા. તે વખતે શાળામાંથી શિક્ષક સાહેબનો ફોન આશરે બારેક વાગે આવેલો અને તેમને ફોનમાં જણાવેલ કે, તેમની ભોગ બનનાર દિકરી શાળામાં આવેલ નથી. જેથી તેઓએ તેમની ભોગ બનનાર દિકરી શાળામાં તથા આજુબાજુમાં શોધખોળ કરેલી, પરંતુ તેમની ભોગ બનનાર દિકરી મળી આવેલ નહી. તે વખતે ગામમાંથી ફોન

આવેલો કે તેમની ભોગ બનનાર દિકરી સેભર ગોગા મહારાજના મંદિરથી તેઓના ગામના રામજીભાઇના ભાઇ લઇને આવેલા. તેમની ભોગ બનનાર દિકરીએ તેમને કોઇ વાતચિત કરેલ નહી. તેમની ભોગ બનનાર દિકરીએ તેમને કહેલ કે, આરોપી મને ધમકી આપીને સેભર ગોગા મહારાજના મંદિરે લઇ ગયેલો. આ બાબતની તેમણે ફરિયાદ આપેલી હોવાનું જણાવી આંક-૨૧ થી ફરીયાદ રજુ કરેલ છે તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરીના પિતા અવસાન પામેલ હોઇ તેમણે તેમની ભોગ બનનાર દિકરીની માતા એટલે કે તેમની ભાભી સાથે દિયર વટુ કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરી તેમના ઘરેથી સિધ્ધપુર બસમાં તથા પ્રાઇવેટ વાહનમાં અપડાઉન કરતી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, બસ ના મળે તો તેમની ભોગ બનનાર દિકરી પ્રાઇવેટ વાહનમાં આવતી હતી અને તેમની ભોગ બનનાર દિકરી તેમના ગામની અન્ય છોકરીએ સાથે અપડાઉન કરતી હતી. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેમણે તેમની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, "........ તે વખતે ગામમાંથી ફોન આવેલો કે મારી ભોગબનનાર દિકરી સેફરગોગા મહારાજના મંદિરથી અમારા ગામના રામજીભાઇ ના ભાઇ લઇને આવેલા..........". તેઓએ ઇન્કાર કરેલ છે કે, તેમણે તેમની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે,"..........મારી ભોગબનનાર દિકરીએ મને કહેલ કે આરોપી મને ધમકી આપીને સેફરગોગા મહારાજ ના મંદિરે લઇ ગયેલો...........".

**(૧૬)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૪ ભોગ બનનારના માતાની આંક-૨૨ ની જુબાની ધ્યાને લેતા, તેમની ભોગ બનનાર દિકરી બનાવ સમયે ધો.૧૧ માં સિધ્ધપુરમાં ભણતી હતી અને સવારે ૧૧.૦૦ વાગે ઘરેથી જતી અને સાંજે ૦૬.૦૦ વાગે પરત આવતી હતી અને બસમાં તથા પ્રાઇવેટ વાહનમાં અપડાઉન કરતી હતી. બનાવ આજથી બારેક મહિના અગાઉ બનેલો. બનાવના દિવસે તેણી ઘરે હાજર હતી, ત્યારે તેણીના પતિ આવેલ અને તેમની ભોગ બનનાર દિકરી ક્યાં છે તેવુ પુછેલ અને તેણીએ તે નિશાળ ગઇ છે તેવુ કહેલ. જેથી તેણીના પતિએ કહેલ કે, શાળામાંથી શિક્ષક

સાહેબનો ફોન આશરે બારેક વાગે આવેલો અને તેમને ફોનમાં જણાવેલ કે, તેમની ભોગ બનનાર દિકરી શાળામાં આવેલ નથી. જેથી તેઓએ તેમની ભોગ બનનાર દિકરી શાળામાં તથા આજુબાજુમાં શોધખોળ કરેલી, પરંતુ તેમની ભોગ બનનાર દિકરી મળી આવેલ નહી. પછી તેણી સિધ્ધપુરથી પરત આવેલી ત્યારે તેણીની ભોગ બનનાર દિકરી ઘરે પરત આવી ગયેલી. તેણીએ તેણીની ભોગ બનનાર દિકરીને પુછેલ તો તેણે જણાવેલ કે, આપણા ગામનો છોકરો રામજીજી ક્યાંક મંદિરે લઇ ગયેલ હતો. આ બાબતની તેણીના પતિએ ફરિયાદ આપેલી અને પોલીસે તેણીનું નિવેદન લીધેલુ હોવાનું જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણીની ભોગ બનનાર દિકરી તેમના ઘરેથી સિધ્ધપુર બસમાં તથા પ્રાઈવેટ વાહનમાં અપડાઉન કરતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી સિધ્ધપુરથી ઘરે પરત આવી ત્યારે તેણીની ભોગ બનનાર દિકરી ઘરે આવી ગયેલ હતી અને તેણે તેણીને શુ થયેલુ તે બાબતે કંઈ કહેલ નહી.

(૧૭) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૨ ભોગ બનનારની શાળાના આચાર્ય સરસ્વતીબેન બાબુભાઇ પ્રજાપતિની આંક–૧૭ ની જુબાની ધ્યાને લેતા, તા.૨૮/૦૯/૨૦૨૪ ના અરસામાં આ કામના તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનાર તેમની શાળામાં અભ્યાસ કરતા હોઇ, તેના હાજરી પત્રકની પ્રમાણિત નકલ હાલના ગુનાના કામે મેળવવા માટે યાદી કરતા, આ યાદી આધારે તેમણે ફોરવર્ડીંગ પત્ર સાથે હાજરી પત્રકની નકલ તપાસ કરનાર અધિકારીને આપેલ. આ હાજરીપત્રક ધોરણ–૧૧ નું સપ્ટેમ્બર માસનું છે અને જેમાં ભોગ બનનારની હાજરી સીરીયલ નંબર–૯ ઉપર છે અને ભોગ બનનાર તા.૨૫/૦૯ થી તા.૩૦/૦૯ સુધી ગેરહાજર છે તેવુ જણાવી આંક–૧૮ અને આંક–૧૯ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, સપ્ટેમ્બર–૨૦૨૪ માં ભોગ બનનાર કુલ–૫ દિવસ ગેરહાજર રહેલ છે.

(૧૮) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નંબર–૬ પંચ સુરજ ચંદ્રકાન્તભાઇ

માલાણીની આંક–૨૭ ની જુબાની ધ્યાને લેતા, તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા. ત્યારે તેમના ઉપરી અધિકારી સા.ની મૌખિક સુચનાથી તેઓ સિધ્ધપુર જુના ટાવર પાસે આવેલ વૃદ્ધાં ક્લીનીક પાસે રોડ પર પંચમાં હાજર થયેલ. જ્યાં પોલીસના પી.આઇ.સા.હાજર હતા. જેમણે પંચમાં રહેવા સમજ કરતા તેમણે તથા તેમની સાથેના વિપુલભાઇ ચૌધરીએ સંમતિ આપેલી. ત્યારબાદ ત્યાં ફરિયાદી હાજર હતા, તેઓએ તેમનુ નામ જણાવેલ અને ગુનાવાળી જગ્યા બતાવેલી, જે જગ્યા વૃદ્ધાં ક્લીનીકની સામે જાહેર રોડ પર આવેલી હતી. તે જગ્યાથી ૩૬૫ બારી વાળા મકાનની પાસે હતી અને તે જગ્યાનુ પોલીસે વિગતવારનુ પંચનામુ લખેલ અને તે વાંચ્યા સમજ્યા બાદ તેઓએ સહી કરેલી હોવાનું જણાવી આંક–૨૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમની તથા વિપુલભાઇ ચૌધરીની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામુ પોલીસે તૈયાર કરેલ અને તેઓની ફકત સહી લીધેલી.

(૧૯) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૭ પંચ વિશાલ કિરીટકુમાર વ્યાસની આંક–૨૯ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૧૧/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ સિધ્ધપુર નર્સિંગ કોલેજમાં સિની.કલાર્ક તરીકે ફરજ પર હાજર હતો. તે સમયે તેમના ઉપરી અધિકારીએ તેમને શેભર ગામ ગોગા મહારાજના મંદિર આગળ પંચમાં રહેવા જવા માટે સુચના આપતા તેઓની મૌખિક સુચના આધારે તેઓ તથા તેમની સાથે કર્મચારી હેતલબેન રાજપુતનાઓ શેભર ગામે ગોગા મહારાજના મંદિર પાસે ગયેલા અને ત્યાં પોલીસ હાજર હતી. તેમને તથા હેતલબેનને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાની સમજ કરતા તેઓએ સંમતિ આપેલી. તે વખતે એક બહેન હાજર હતી, તેણે પોતાનુ નામ જણાવેલ અને ત્યારબાદ ભોગ બનનારે ગુનાવાળી જગ્યા બતાવેલી, જે જગ્યા શેભર ગામ તથા શેરપુરા ગામની વચ્ચે આવેલ ગોગા મહારાજના મંદિરના મુખ્ય ગેટની આગળ થોડાક દુર ગેટની ડાબી બાજુ પથ્થર અને માટીના ટેકરાના વાડની નીચે રોડથી આશરે ૪૦ ફુટ દુર એક ગોળાકાર આકારની સિમેન્ટની ઘુમટી આવેલ હતી, ત્યાં થોડાક અંતરે બેસવાના પથ્થર ગોઠવેલ હતા, તે

પથ્થર પર આરોપીએ ભોગ બનનાર સાથે બેસી વાતચીત કરેલ હોવાનુ જણાવેલ. તે જગ્યાનુ પોલીસે વિગતવારનુ પંચનામુ કરેલ અને તે વાંચ્યા સમજ્યા બાદ તેઓએ સહી કરેલી હોવાનું જણાવી આંક-૩૦ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમની અને હેતલબેનની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૦) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નંબર-૮ પંચ અશોકકુમાર ભીખાલાલ ડાભીની આંક-૩૧ ની જુબાની ધ્યાને લેતા, તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ તેમની રાજ્ય વેરા નિરીક્ષક કચેરી સિધ્ધપુર ખાતે તેમની ફરજ ઉપર હાજર હતા, ત્યારે તેમના ઉપરી અધિકારીના મૌખીક આદેશ મુજબ તેઓ તથા તેમની સાથેના સિનિયર કલાર્ક હેમતભાઇ ચૌધરીનાઓ સિધ્ધપુર પો.સ્ટે પંચમાં રહેવા સારુ ગયેલ અને ત્યાં પો.સ્ટે અધિકારીશ્રીને મળેલ અને તેઓએ જણાવેલ કે પોક્સોના કેસમાં આરોપીએ વાપરેલ મો.સા કબજે લેવાનુ પંચનામુ કરવાનુ છે તેવી સમજ કરતા તેઓએ સંમતી આપેલ. તે સમયે ત્યાં પોલીસ સ્ટેશનમાં એક ઇસમ હાજર હોઇ તેનુ નામ પુછતા તેને પોતાનુ નામ રામજીજી સુરાજી, રહે,મુડાણા વાળા હોવાનુ જણાવેલ અને તેઓ પોતાની સ્વખુશીથી એક મો.સા રજુ કરતા તે મો.સા કાળા કલરનુ હિરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ હતુ, તે મોટર સાયકલની આગળ પાછળ નંબર જીજે-૨૪-એટી-૭૪૪૬, જેનો એન્જીન ચેચિસ નંબર પંચનામાની વિગતે લખતે, જે મો.સા પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ. તે મુજબનુ પંચનામુ લેપટોપના માધ્યમથી લખી તેની પ્રિન્ટ કાઢી તે વાંચી સમજી સહી કરેલી હોવાનું જણાવી આંક-૩૨ થી પંચનામુ રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૧) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૯ પી.આઇ. જીગ્નેશકુમાર ભાનુપ્રસાદ આચાર્યની આંક-૩૪ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ સિધ્ધપુર પો.સ્ટે.માં પો.ઇન્સ.તરીકે

તેમની ફરજ પર હતા. તે દિવસે આ કામના ફરિયાદીની તેમના રૂબરૂની ફરિયાદ તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને સદર ફરિયાદ ફરિયાદીને વાંચી સંભળાવતા તે ખરી હોઇ તેઓએ તેમાં તેમની સહી કરેલ અને રૂબરૂ તરીકે તેમણે તેમની સહી કરેલી. ત્યારબાદ સદર ગુનો તેઓએ રજીસ્ટર્ડ કરવા સારુ પી.એસ.ઓ.ને મોકલી આપેલ. પો.સ્ટે.ના પી.એસ.ઓ.એ સદર ગુનો દાખલ કરી આ ગુનાની આગળની તપાસ ડેપ્યુટ હુકમથી તેઓને સોપતા તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે બે પંચો બોલાવી તેઓની હાજરીમાં સાહેદના બતાવ્યા મુજબનુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી લીધેલ. ભોગ બનનારની જન્મ તારીખ અંગેનુ પ્રમાણપત્ર મેળવી કામમાં સામેલ રાખેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા આરોપી મળી આવતા તેઓને પો.સ્ટે. લાવેલ. ભોગ બનનારનુ નિવેદન લીધેલુ. ગુનામાં ઉપયોગ થયેલ મો.સા. બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા સારુ તજવીજ કરેલી. ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નુ નિવેદન લેવડાવવા સારુ નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. આરોપીના બતાવ્યા મુજબની જગ્યાએ જઇ બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલ તથા આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલ. સમગ્ર તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ આંક–૩૫ થી આંક–૩૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, હાલના ગુનાની ફરિયાદ તેમના રૂબરૂ જાહેર થયેલ છે અને હાલના ગુનાની તપાસ તેમણે કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદ કરી તે દિવસે ભોગ બનનાર તેમના વાલી પાસે તેમના ઘરે હાજર હતી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદ આપી ત્યારે ફરિયાદીના કુટુબના માણસો પો.સ્ટે. આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસમાં એવુ ખુલેલ કે, ફરિયાદી રીક્ષા ચલાવતા હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે બનાવના આશરે ચારેક દિવસ બાદ તેમની રૂબરૂ નિવેદન લખાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેમની રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, "..... આ સમયગાળા દરમ્યાન તેણે

મારી સાથે શરીર સંબંધ બાંધેલ નથી કે મારી મરજી વિરુદ્ધ માં કોઇ ખરાબ કામ કરેલ નથી.........તથા..........ભોગ બનનારે હુ મારુ મેડીકલ કરાવવા સંમત નથી...... ". તેઓએ સ્વીકારેલ છે કે, સિધ્ધપુર સિવિલ હોસ્પીટલવાળો તથા શેભર ગોગા મહારાજના મંદિરવાળો બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે તથા લોકોની સતત અવર જવર વાળો છે. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી અને ભોગ બનનારને સાથે નજરે જોયેલ હોય તેવા કોઇ સાહેદ તપાસના કામે મળી આવેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તપાસમાં તેમણે આરોપી તથા ભોગ બનનારના મોબાઇલની કોલડીટેઇલ મેળવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારનુ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ નુ નિવેદન તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ લીધેલ. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી અને ફરિયાદી એક જ ગામના અને એક જ મહોલ્લામાં રહેતા હોવાની હકીકત તેમની તપાસમાં ખુલેલી.

**(૨૨)** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે સાહેદ નંબર–૫ ભોગ બનનારની આંક–૨૩ ની જુબાની ધ્યાને લેતા, બનાવના અરસામાં તેણી સિધ્ધપુર મુકામે ભણતી હતી અને બસમાં તથા રીક્ષામાં અપડાઉન કરતી હતી. બનાવના દિવસે તેણી શાળામાં જવા માટે ઘરેથી રીક્ષામાં બેસી સિધ્ધપુર ગયેલી. સિધ્ધપુર રોયલ હોટલ આગળ રીક્ષામાંથી ઉતરી પોતાની શાળાએ જવા માટે ચાલતી જતી હતી તે વખતે આરોપી બાઇક લઇને આવેલ અને ચાલ મારી સાથે ફરવા તેવુ કહેતા ભોગ બનનારે ના પાડેલી. ત્યારે આરોપી તેણીને ધમકી આપવા લાગેલો. જેથી તેણી ડરી ગયેલી અને મોટર સાયકલ ઉપર બેસી ગયેલી. આરોપી તેણીને સેભર ગોગા મહારાજના મંદિરે લઇ ગયેલ. મંદિરે દર્શન કર્યા અને વાતો કરેલી અને આરોપીએ વાતોમાં ભોગ બનનાર સાથે તેને પ્રેમ કરવો છે તેવી વાત કરેલી. તે વખતે આરોપીના ફોન ઉપર ઘરેથી કોલ આવતા અને ભોગ બનનારના માતા–પિતા શોધે છે તેવુ ભોગ બનનારને તેણે જણાવેલુ અને ત્યારબાદ આરોપી ભોગ બનનારને મોટર સાયકલ ઉપર બેસાડી ગામના બસ સ્ટેન્ડે ઉતારી ગયેલ અને ભોગ બનનાર ઘરે ગયેલ અને માતા–પિતાને મળેલ અને બનાવની વાત કરેલી હોવાનું જણાવેલ છે. જો કે, ભોગ બનનારે પોતાની

ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેણી સિધ્ધપુર બસમાં તથા પ્રાઈવેટ વાહનમાં તેણીની બહેનપણીઓ સાથે અપડાઉન કરતી હતી. બનાવના દિવસે પણ તેણી શાળાએ જવા નીકળેલ ત્યારે તેણીની સાથે બહેનપણીઓ હતી. વધુમાં, ઉલટતપાસ જોતા, આરોપી અને ભોગ બનનાર સરખી ઉંમરના હોવાનું અને ગામમાં કયારેક બંને જણા વાતો કરતા હોવાનું સ્વીકારેલ છે અને આરોપી ભોગ બનનાર સાથે વાતો કરતો તે વાત માતા-પિતાને ગમતી ન હતી, તેથી તેણીના માતા-પિતા તેણીની સાથે ઝઘડો કરતા હતા તેવુ પણ સ્વીકારેલ છે. વધુમાં, આંક-૨૪ થી ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન રજુ થયેલ છે. જે ધ્યાને લેતા, બનાવના દિવસે તેણી અને બીજી ગામની છોકરીઓ ચાલતી ચાલતી જતી હતી. તે વખતે આરોપી બાઇક લઇને આવેલો અને તેણીને આગળ બાઇક રોકી અને તેણીને કહેલ કે, મારે તારી સાથે વાત કરવી છે. જેથી ભોગ બનનારે કહેલ કે, શું વાત કરવી છે બોલ. એટલે આરોપીને કહેલ કે, જુના ટાવર બાજુ ૩૬૫ વાળુ મકાન એમ.કે.ટ્રેડર્સ દુકાન પાસે આવ, મારે વાત કરવી છે. જેથી ભોગ બનનારે કહેલ કે, હા, હું આવુ છુ, પછી તેણી ત્યાં ગયેલી. ત્યારે આરોપી ત્યાં ઉભો હતો. જયાં તેણે ભોગ બનનારને બોલાવેલી. તે બાઇક લઇને ઉભો હતો. તેણે ભોગ બનનારને કહેલ કે, ચાલ મારી સાથે સેભર ગોગે ફરવા. આથી ભોગ બનનારને ના પાડેલી. આરોપી માનતો ન હતો અને કહેલ કે, તારે મારી સાથે આવવુ જ પડશે અને ભોગ બનનારે ના પાડી દીધેલ. તે પછી આરોપી ભોગ બનનારને બહુ ફોર્સ કરવા લાગેલ અને ધાક ધમકી આપવા લાગેલ કે, આજે નહીં તો કાલે તને ઉપાડીને લઇ જઇશ. તેથી બીકના માર્યે તેણી બાઇક ઉપર બેસી ગયેલ હોવાનું જણાવેલ છે. આવી હકીકત ભોગ બનનારે પોતાની ફરીયાદમાં કે જુબાનીમાં જણાવેલ નથી. આમ, ભોગ બનનારની ઉપરોકત જુબાની તથા બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન જોતા, મહત્વની બાબતો વિશે વિરોધાભાસ જણાઇ આવે છે. વધુમાં, આ કામે સાહેદ નંબર-૨ શાળાના આચાર્યની જુબાની જોતા, બનાવના દિવસે ભોગ બનનાર ગેરહાજર હોવાનું જણાય છે. વધુમાં, ભોગ બનનારના પિતાની આંક-૨૦ ની જુબાની જોતા, બનાવના દિવસે શાળામાંથી શિક્ષકનો ફોન આવેલ અને ભોગ બનનાર દિકરી શાળામાં આવેલ નથી તેવુ જણાવેલુ. જેથી

તેઓએ શોધખોળ કરેલી અને પોલીસ ફરીયાદ આપેલી હોવાનું જણાવેલ છે. જો કે, ભોગ બનનારના પિતાએ પોતાની જુબાનીમાં ભોગ બનનાર દિકરીની શોધખોળ કરતા હતા તે વખતે ગામમાંથી ફોન આવેલો કે, તેમની ભોગ બનનાર દિકરી સેભર ગોગા મહારાજના મંદિરથી તેઓના ગામના રામજીભાઈના ભાઈ લઈને આવેલા અને ભોગ બનનાર દિકરીએ તેઓને કહેલ કે, આરોપી તેમને ધમકી આપીને સેભર ગોગા મહારાજના મંદિરે લઈ ગયેલો તેવી હકીકત જણાવેલ છે. જયારે ભોગ બનનારના માતા સાહેદ નંબર–૪ ની આંક–૨૨ ની જુબાની જોતા, ભોગ બનનાર દિકરીને પુછેલ તો તેણે આપણા ગામનો છોકરો રામજીજી કયાંક મંદિરે લઈ ગયેલો હતો તેવુ જણાવેલ હોવાનું જણાવેલ છે. જેથી ભોગ બનનારના માતા અને પિતાની જુબાનીમાં વિરોધાભાસ હોવાનું જણાય છે તેમજ માતા અને પિતાની જુબાની જોતા, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનું પણ જણાઈ આવે છે. વધુમાં, આ કામે તપાસે કરનાર અધિકારીની આંક–૩૪ ની જુબાની ધ્યાને લેતા, તેઓએ ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, ફરીયાદ કરી તે દિવસે ભોગ બનનાર તેમના વાલી પાસે તેમના ઘરે હતી. વધુમાં, ભોગ બનનારે બનાવના આશરે ચારેક દિવસ બાદ તેઓની રૂબરૂમાં નિવેદન લખાવેલ હોવાનું સ્વીકારેલ છે તેમજ ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ લીધેલ હોવાનું સ્વીકારેલ છે. તે જ રીતે, સદર સાહેદની જુબાની જોતા, ભોગ બનનારે પોતાના નિવેદનમાં આરોપી તેણીને લઈ ગયો તે સમય દરમ્યાન આરોપીએ તેણી સાથે શરીર સંબંધ બાંધેલ નથી કે તેણીની મરજી વિરૂધ્ધ કોઈ ખરાબ કામ કરેલ નથી તેવુ લખાવેલ હોવાનું સ્વીકારેલ છે તેમજ ભોગ બનનારે પોતાના નિવેદન વખતે મેડીકલ કરાવવા માટે પણ સંમત નથી તેવુ જણાવેલ હોવાનું પણ સ્વીકારેલ છે. વધુમાં, સિધ્ધપુર સીવીલ હોસ્પિટલવાળો તથા સેભર ગોગા મહારજના મંદિરવાળો બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે તથા લોકોની સતત અવર જવરવાળો વિસ્તાર હોવાનું સ્વીકારેલ છે. વધુમાં, સાહેદે સ્વીકારેલ છે કે, આરોપી અને ભોગ બનનારને સાથે નજરે જોયેલ હોય તેવા કોઈ સાહેદ તપાસના કામે મળી આવેલ નહીં. વધુમાં, સ્વીકારેલ છે કે, તપાસમાં આરોપી તથા ભોગ બનનારના મોબાઈલની કોલ ડીટેઈલ મેળવેલ નથી. વધુમાં,

સ્વીકારેલ છે કે, આરોપી અને ફરીયાદી એક જ ગામના અને એકજ મહોલ્લામાં રહેતા હોવાની હકીકત તેમની તપાસમાં ખુલેલી. આમ, ઉપરોકત પુરાવો જોતા, ભોગ બનનાર તથા તેમના માતા–પિતાની જુબાની વિરોધાભાસી હોવાનું જણાઈ આવે છે. વધુમાં, બનાવ સમયે ભોગ બનનારની સાથે તેણીની બહેનપણીઓ હોવા છતા એવી કોઈપણ બહેનપણીનું નિવેદન આ કામે મેળવવામાં આવેલ નથી કે કોઈ સ્વતંત્ર સાહેદો કે જેમણે ભોગ બનનાર અને આરોપીને સાથે જોયેલ હોય તેઓના નિવેદન મેળવેલ નથી કે આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ નથી. તે સંજોગોમાં એકમાત્ર ભોગ બનનારની જુબાનીના આધારે આ કામના આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા રહિત પુરવાર થયેલો માનવુ ન્યાયોચિત જણાતુ નથી.

**(૨૩)** વધુમાં, આ કામે તપાસેલ પંચ સાહેદો કે જેમાં બનાવવાળી જગ્યાઓના અનુક્રમે આંક–૨૮ અને આંક–૩૦ વાળા પંચનામાના પંચો તેમજ મોટર સાયકલ કબજે કર્યાના આંક–૩૨ ના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની વિગતોને પોતાની જુબાનીમાં દોહરાવીને સમર્થન આપેલ છે. પરંતુ, જયારે ભોગ બનનારની જુબાની વ્યાજબી શંકા રહિત ન હોય તેમજ વિરોધાભાસી જુબાની હોય તેમજ તેણીના માતા–પિતાની જુબાની પણ વિરોધાભાસી હોય ત્યારે ઉપરોકત પુરાવા આધારે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા રહિત પુરવાર થયેલો માની શકાય નહીં. આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે ભોગ બનનાર તથા તેમના માતા–પિતાની જુબાની વિરોધાભાસી હોવાનું જણાઈ આવતુ હોય તથા ભોગ બનનારની જુબાની સચોટ, વિશ્વાસપાત્ર અને વ્યાજબી શંકા રહિત હોવાનું જણાઈ આવતુ ન હોઈ, તે સંજોગોમાં આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, **મુદ્દા નંબર–૨** નો ઉત્તર **નકાર**માં આપી **મુદ્દા નંબર–૩** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આ કેસના આરોપી **રામજીજી સુરેશજી ઉર્ફે સુરાજી હમીરજી ઠાકોર,** રહે.મુડાણા,તા.સિધ્ધપુર, જી.પાટણવાળાને ભારતીય

નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૭૮(૨) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતી નંબર– ૧૮૧/૨૦૨૪ માં જણાવેલ મુદ્દામાલ મોટર સાયકલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેવો હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલો ન હોય તો સદર મુદ્દામાલ મોટર સાયકલની માલિકી અંગેની ખરાઈ કરી તેના જે તે માલિકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : **૨૩** મી, માહે : **માર્ચ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.

KBS.